અપીલ અરજી નં.૧૫ તા.૧૧–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ગંગાબેન કરસનભાઈ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગંગાબેન કરસનભાઈ પટેલની તા.૪–૩–૧૧ની અરજીથી સને ૧૯૯૭ નાં અમારા અસલ નગરપાલિકાના એપ્રુવડ પ્લાનમાં ૧૦૧/એ ની પાછળના ભાગમાં રોડ તથા ફૂટપાઠ તેમજ સીઓપી દર્શાવેલ છે. પરંતુ અઠવા ઝોન તરફથી આપવામાં આવેલ પ્લાનમાં મકાન બતાવેલ છે. રમણભાઈ સુરજી પટેલનો ઓરીજીનલ પ્લાનમાં ફેરફાર થતા ફેરફારની દરખાસ્તની નકલો તથા નવો રીવાઈઝડ પ્લાન આપવા તથા છેલ્લા ફેરફાર એપ્રુવડ પ્લાનની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૫ /૨૦૧૧–૧૨

શ્રી ગંગાબેન કરસનભાઈ પટેલની તા.૪–૩–૧૧ની અરજીથી સને ૧૯૯૭ નાં અમારા અસલ નગરપાલિકાના એપ્રુવડ પ્લાનમાં ૧૦૧/એ ની પાછળના ભાગમાં રોડ તથા ફૂટપાઠ તેમજ સીઓપી દર્શાવેલ છે. પરંતુ અઠવા ઝોન તરફથી આપવામાં આવેલ પ્લાનમાં મકાન બતાવેલ છે. રમણભાઈ સુરજી પટેલ તો ઓરીજીનલ પ્લાનમાં ફેરફાર થતા ફેરફારની દરખાસ્તની નકલો તથા નવો રીવાઈઝડ પ્લાન આપવા તથા છેલ્લા ફેરફાર એપ્રુવડ પ્લાનની માહિતી આપવા બાબતે પ્લાનમાં ફેરફાર થતા ફેરફારના પ્લાન આપવા તથા છેલ્લા ફેરફાર એપ્રુવડ પ્લાનની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/૭ તા.૨–૪–૧૧ થી આપેલ માહિતીમાં જરૂરી માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં તેમના દાવા અંગે બંન્ને પ્લાનોમાં કોઈ વિસંગતતા છે કે કેમ? તથા તેમના દાવા અંગે કોઈ તથ્ય છે કે કેમ? દફતરી વિગતે આધાર સહ હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩ તા.૧૮–૪–૧૧થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આપના દાવા અનુસાર તથા મુળ અરજીમાં નિર્દિષ્ટ વિગતે ૧૯૯૭ ના પ્લાનમાં જે વિગતો દર્શાવ્યાનો તેમનો દાવો છે તેમજ અઠવા ઝોન ધ્વારા જે વિગતો આપેલ છે તેની નકલો તેઓની અપીલ અરજીના સમર્થનમાં આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આનં.૮૫ તા.૨૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની સરખી વિગતે કરેલી અપીલ અરજી નં.**SMC/FAP/** નં.૩૧૪ /૨૦૧૦–૧૧ ના હુકમની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૭ તા.૨–૪–૧૧ ના પત્રની નકલ તથા તેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭ તા.૨–૪–૧૧ થી " અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી અન્વયે અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની ફેરફારની ચકાસણી કરતાં તે અઠવાઝોન ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ જરૂરી માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૧–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ અપીલ સંદર્ભે અરજદાર પાસે અપીલમાં કરેલા દાવા અનુસાર તથા મુળ અરજીમાં નિર્દિષ્ટ વિગતે ૧૯૯૭ ના પ્લાનમાં જે વિગતો દર્શાવવાનો દાવો કરેલ છે તેમજ અઠવાઝોન ધ્વારા જે વિગતો આપેલ છે તેની વિગતો તથા અપીલ અરજીના અનુસંધાનમાં આધાર રજૂ કરવા જણાવેલ પરંતુ અરજદાર તેવા આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબના ફેરફારની ચકાસણી કરતાં તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો માંગ્યા મુજબના ફેરફાર બાબતે લાગત રજીસ્ટર કે ફાઈલનું દફતરી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. જે માટે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ગંગાબેન કરસનભાઈ પટેલ